સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 44

[24/10/21 to 30/10/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

happy Diwali
festival of lights

HAPPY NEW YEAR

MAY THIS FESTIVAL OF LIGHTS BRING **HAPPINESS** AND **SUCCESS** IN YOUR LIFE !!

- Maulik Gondhiya


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**24 OCT-2021**

- દિવસ મહિમા : 24 ઓક્ટોબર, (1) સંયુક્ત રાષ્ટ્ર દિવસ (2) વિશ્વ પોલિયો દિવસ (3) વિશ્વ વિકાસ માહિતી દિવસ ..... 02
- કોંકણ શક્તિ 2021 (Konkan Shakti 2021) ..... 02
- સત્યજીત રે લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી ..... 03
- QUESTION ANSWERS ..... 04

**25 OCT-2021**

- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ની ચોથી જનરલ એસેમ્બલી યોજાઈ ..... 05
- ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતનું બીજુ સમુદ્ર પરીક્ષણ શરૂ થયું ..... 06
- હરિયાણાએ મફત શિક્ષણ યોજનાની જાહેરાત કરી ..... 07
- QUESTION ANSWERS ..... 08

**26 OCT-2021**

- અભ્યાસ : હાઈ-સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ ..... 09
- રાષ્ટ્રીય સંચાલન સમિતિ : નિપુણ ભારત મિશન ..... 09
- આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન ..... 10
- Sustainable Transport System Award : Kerala ..... 11
- QUESTION ANSWERS ..... 12

**27 OCT-2021**

- દિવસ મહિમા : 27 ઓક્ટોબર, (1) વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ (2) પાયદળ દિવસ ..... 14
- છત્તીસગઢમાં રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવશે ..... 14
- ભારત અને સ્વીડને 'ઈનોવેશન ડે'ની ઉજવણી કરી ..... 15
- QUESTION ANSWERS ..... 16

**28 OCT-2021**

- દિવસ મહિમા : 28 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ ..... 17
- વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદની પુનઃ રચના કરવામાં આવી ..... 17
- ભારતીય મૂળના નેતા સુશ્રી અનિતા આનંદ કેનેડાના નવા સંરક્ષણ મંત્રી બન્યા ..... 17
- કૃષિ ઉડાન 2.0 (Krishi UDAN 2.0) ..... 18
- QUESTION ANSWERS ..... 19

**29 OCT-2021**

- ભારતીય ટેલીગ્રાફ રાઈટ ઓફ વે (સુધારા) નિયમો, 2021 ..... 20
- અપતટીય પેટ્રોલિંગ જહાજ : સાર્થક (Offshore Patrol Vessel- OPV) ..... 20
- અગ્નિ- 5 મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું ..... 21
- QUESTION ANSWERS ..... 23

**30 OCT-2021**

- દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ ..... 24
- ફેસબુકનું નામ બદલીને 'મેટા' કરવામાં આવ્યું ..... 24
- કન્નડ ફિલ્મોના સુપરસ્ટાર શ્રી પૂનીત રાજકુમારનું નિધન ..... 24
- સમુદ્રયાન મિશન ..... 25
- QUESTION ANSWERS ..... 26

**ONE LINER** ..... 27

**QUESTION OF THIS WEEK** ..... 31


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ઓક્ટોબર, (1) સંયુક્ત રાષ્ટ્ર દિવસ (United Nations Day)
## (2) વિશ્વ પોલિયો દિવસ (World Polio Day)
## (3) વિશ્વ વિકાસ માહિતી દિવસ (World Development Information Day)

### સંયુક્ત રાષ્ટ્ર દિવસ

દર વર્ષે 24 ઓક્ટોબરના દિવસને 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર' અમલમાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર (UN Charter) એ સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાનું દસ્તાવેજ છે.
- આ દસ્તાવેજ પર 26 જૂન, 1945ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં આંતરરાષ્ટ્રીય સંગઠનના યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સના સમાપન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં.
- જે 24 ઓક્ટોબર, 1945ના રોજ અમલમાં આવ્યું હતું.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 24 ઓક્ટોબરના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## કોંકણ શક્તિ 2021 (Konkan Shakti 2021)

ભારત અને યુનાઈટેડ કિંગ્ડમના સશસ્ત્ર દળો વચ્ચે 'કોંકણ શક્તિ' નામની સૌથી મોટી સંયુક્ત લશ્કરી કવાયત યોજાઈ હતી.

- ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ વચ્ચે આ પ્રથમ ત્રિ–સેવા (થલ સેના, વાયુસેના, નૌસેના) કવાયત છે.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ એક બીજાના અનુભવોમાંથી પરસ્પર લાભ મેળવવો અને બંને દેશો વચ્ચે સતત સહકારનું પ્રદર્શન કરવાનો છે.
- આ ઉપરાંત તેમનો અન્ય ઉદ્દેશ પ્રતિકૂળ વાતાવરણમાં ગઠબંધન દળો દ્વારા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરીમાં સૈનિકોને તાલિમ આપવાનો પણ છે.
- ભારત અને યુકે વચ્ચેની અન્ય સંયુક્ત લશ્કરી કવાયત નીચે મુજબ છે :

(1) નૌકાદળ : કોંકણ

(2) વાયુદળ : ઈન્દ્રધનુષ

(3) થલસેના : અજય વોરિયર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સત્યજીત રે લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી

52મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 20 નવેમ્બરથી 28 નવેમ્બર 2021 દરમિયાન ગોવામાં યોજાશે.

- જેમાં હંગેરિયન ફિલ્મ નિર્માતા શ્રી ઈસ્તવાન ઝાબો (Instvan Szabo) અને હોલીવુડના આઈકન શ્રી માર્ટિન સ્કોર્સેસ (Martin Scorsese)ને 'સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ' એનાયત કરવામાં આવશે.



### શ્રી ઈસ્તાવન ઝાબો

શ્રી ઈસ્તાવન ઝાબો સૌથી નોંધપાત્ર હંગેરિયન ફિલ્મ નિર્માતાઓમાંના એક છે.

- ઈસ્તાવન ઝાબોની ફિલ્મો યુરોપિયન ઓટ્યુરિઝમની પરંપરા પર આધારિત હોય છે.
- તેમણે મેફિસ્ટો (1981) નામની ફિલ્મ સાથે તેની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય સફળતા પ્રાપ્ત કરી હતી.
- આ માટે તેમને બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



### માર્ટિન સ્કોર્સેસ

શ્રી માર્ટિન સ્કોર્સેસ એક અમેરિકન ફિલ્મ ડિરેક્ટર છે.

- તેઓ ફિલ્મ ઈતિહાસના સૌથી મહાન અને સૌથી પ્રભાવશાળી ડિરેક્ટરોમાંના એક છે.



1. 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 ઓક્ટોબર (B) 22 ઓક્ટોબર (C) 23 ઓક્ટોબર (D) 24 ઓક્ટોબર **(D)**

2. 'વિશ્વ પોલિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

3. 'વિશ્વ વિકાસ માહિતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર **(C)**

4. 'કોંકણ શક્તિ 2021' (Konkan Shakti 2021) નામની લશ્કરી કવાયત કયા બે દેશ વચ્ચે યોજાઈ હતી ?

(A) ભારત–યુનાઈટેડ કિંગ્ડમ (B) ભારત–ફ્રાન્સ

(C) ભારત–જાપાન (D) ભારત–ઈન્ડોનેશિયા **(A)**

5. કેટલામો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 20 નવેમ્બરથી 28 નવેમ્બર 2021 દરમિયાન ગોવા ખાતે યોજાશે ?

(A) 50મો (B) 52મો (C) 54મો (D) 57મો **(B)**

6. તાજેતરમાં સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. જે...........ને એનાયત કરવામાં આવશે ?

(A) શ્રી ઈસ્તવાન ઝાબો (B) શ્રી માર્ટિન સ્કોર્સેસ

(C) શ્રી જેમ્સ કેમરોન (D) (A) અને (B) બંનેને **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ની ચોથી જનરલ એસેમ્બલી યોજાઈ

'આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન' (International Solar Alliance-ISA)ની ચોથી સામાન્ય સભા વર્ચ્યુઅલ રીતે 18 ઓક્ટોબરથી 21 ઓક્ટોબર, 2021 દરમિયાન યોજાઈ હતી.

- આ બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય વીજળી, નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી આર. કે. સિંઘ અને ISAના અધ્યક્ષે કરી હતી.
- આ મહાસભામાં કુલ 108 દેશોએ ભાગ લીધો હતો. જેમાં 74 સભ્ય દેશો, 34 નિરીક્ષકો તથા 23 સહભાગી સંસ્થાઓ અને 33 વિશેષ આમંત્રિત સંગઠનો સામેલ હતા.
- આ બેઠક દરમિયાન દેશોએ એ ચર્ચા કરી હતી કે કેવી રીતે MSME ક્લસ્ટર ડીઝલ જેનસેટને હાઈડ્રોજન સાથે બદલી શકાય છે.
- આ ઉપરાંત તેઓએ One Sun One World One Grid (OSOWOG) પહેલ પર અપડેટની પણ ચર્ચા કરી હતી.

## બે નવા કાર્યક્રમો

આ એસેમ્બલી દરમિયાન દેશોએ બે નવા પ્રોગ્રામ લોન્ચ કર્યા હતા : સોલાર પીવી પેનલ્સ અને બેટરી યુસેજ વેસ્ટ મેનેજમેન્ટ તથા સોલાર હાઈડ્રોજન કાર્યક્રમ

- સોલાર હાઈડ્રોજન કાર્યક્રમ સૌર વીજળીના ઉપયોગને સક્ષમ કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો હતો, જેથી કરીને હાલમાં ઉપલબ્ધ USD 5 પ્રતિ કિલો કરતા વધુ આર્થિક દરે હાઈડ્રોજનનું ઉત્પાદન કરી શકાય.

નોંધ : (1) ISAએ સભ્ય દેશો વચ્ચે સૌર ઊર્જા માટે વૈશ્વિક રોકાણમાં 1 ટ્રિલિયન ડોલર એકત્ર કરવા બ્લૂમબર્ગ ફિલાન્થ્રોપીઝ સાથે ભાગીદારીની પણ જાહેરાત કરી હતી.

(2) બંને સંસ્થાઓ 'Solar Investment Action Agenda'ની સાથે સાથે 'સોલાર ઈન્વેસ્ટમેન્ટ રોડમેપ' વિકસાવવા માટે વર્લ્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ (WRI) સાથે કામ કરશે. બંનેને COP 26માં લોન્ચ કરવામાં આવશે.

## ISA વિશે

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) સૌર ઊર્જા પર આધારિત 124 દેશોનું સંગઠન છે.

- જેનો શુભારંભ ભારત અને ફ્રાંસ દ્વારા 30 નવેમ્બર, 2015ના રોજ ફ્રાન્સના પેરિસમાં કરવામાં આવ્યો હતો.
- આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના અંગેની પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ નવેમ્બર, 2015માં લંડનના વેંબલી સ્ટેડિયમમાં તેના સંબોધન દરમિયાન કરી હતી.
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નું મુખ્યમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતનું બીજુ સમુદ્ર પરીક્ષણ શરૂ થયું

ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતે 24 ઓક્ટોબર, 2021ના રોજ તેનું બીજુ દરિયાઈ પરીક્ષણ શરૂ કર્યુ હતું.

- તેનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ ઓગસ્ટ 2021માં પૂર્ણ થયું હતું.
- આ બીજુ પરીક્ષણ કોચીમાં કરવામાં આવશે.

### INS વિક્રાંત

INS વિક્રાંત નામ ભારતના પ્રથમ વિમાન વાહક જહાજ INS વિક્રાંતના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે બ્રિટન પાસેથી ખરીદવામાં આવ્યું હતું તથા તે વર્ષ 1997માં નિવૃત્ત થયું હતું.

- તે INS વિક્રાંતે વર્ષ 1971માં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- આ જહાજમાં 30 વિમાન અને હેલિકોપ્ટર તૈનાત કરી શકાય છે.
- INS વિક્રાંતનું વજન લગભગ 40,000 ટન જેટલું છે.
- આ જહાજમાં વિમાનની કામગીરીને નિયંત્રિત કરવા માટે રનવે અને 'શોર્ટ ટ્રેક ઓફ એરેસ્ટ રિકવરી' સિસ્ટમ પણ ઉપલબ્ધ છે.
- 100 MSMEs સહિત 550 જેટલી ભારતીય કંપનીઓ આ યુદ્ધ જહાજના નિર્માણ માટે સેવાઓ પૂરી પાડી રહી છે.
- તે સૌથી મોટુ અને જટિલ યુદ્ધ જહાંજ છે. જેને ભારતમાં પ્રથમ વખત ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સાથે, ભારત હવે એવા દેશોના સમુહમાં શામેલ થયો છે કે જે સ્વદેશી રીતે આવા વિમાનવાહક જહાજોની રચના, નિર્માણ અને સંકલન કરવાની ક્ષમતા ધરાવે છે.
- અમેરિકા, બ્રિટન, રશિયા, જાપાન, ઈટાલી અને ફ્રાન્સ જેવા દેશોમાં આવી ક્ષમતાઓ છે.
- આ જહાંજનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું છે.
- INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક-1' (IAC-1) પણ કહેવામાં આવે છે.
- IACનું આદર્શ વાક્ય 'જયમા સમ યુધિ સ્પર્ધા' છે. એટલે કે 'મારી સામે લડનારાઓને હું હરાવીશ'.

### પરીક્ષણ

દરેક દેશના નૌકા જહાજો, સબમરિનો વગેરે કાર્યરત થાય એ પહેલા સમુદ્રમાં તેનું પરીક્ષણ કરવામાં આવે છે. જેને 'સી ટ્રાયલ' કહેવાય છે. આ ટ્રાયલના ત્રણ તબક્કા હોય છે જે નીચે મુજબ છે :

(1) ડોક ટ્રાયલ : તેમા જહાજનું બંદરમાં જ પરીક્ષણ કરવામાં આવે છે.

(2) બિલ્ડર્સ ટ્રાયલ : જેમાં જહાજનું સમુદ્રમાં ટ્રાયલ કરવામાં આવે છે અને બિલ્ડર વિવિધ પ્રકારે જહાજની તપાસ કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(3) એક્સેપ્ટેડ ટ્રાયલ : આ પરીક્ષણ ખુલ્લા સમુદ્રમાં થાય છે અને તેમાં જહાજની મૂવમેન્ટ અને સ્પીડને લઈને પરીક્ષણ કરવામાં આવે છે.

નોંધ : (1) વિમાન વાહક જહાજ એ એક યુદ્ધ જહાજ છે, જેની પ્રાથમિક કામગીરી વિમાનોને તૈનાત કરવાની અને ઉતારવાની છે.

(2) INS વિક્રાંતની ડિઝાઈન પર કામ વર્ષ 1999માં શરૂ થયું હતું અને તેનો પાયો ફેબ્રુઆરી 2009માં નખાયો હતો.

## હરિયાણાએ મફત શિક્ષણ યોજનાની જાહેરાત કરી



હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે રાજ્યમાં શિક્ષણનું સ્તર વધારવા માટે રાજ્યમાં મફત શિક્ષણ યોજનાની જાહેરાત કરી હતી.

- આ યોજના એવા લોકો માટે જાહેર કરવામાં આવી છે જેમના પરીવારની આવક વાર્ષિક 1.80 લાખ રૂપિયાથી ઓછી છે.

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહર લાલ ખટ્ટરે રાજ્યમાં શિક્ષણનું સ્તર વધારવા માટે રાજ્યમાં મફત શિક્ષણ યોજનાની જાહેરાત કરી હતી.

- આ યોજના એવા લોકો માટે જાહેર કરવામાં આવી છે જેમના પરીવારની આવક વાર્ષિક 1.80 લાખ રૂપિયાથી ઓછી છે.

- મુખ્યમંત્રીશ્રીએ પંચકુલામાં આયોજિત એક સન્માન કાર્યક્રમ દરમિયાન સિવિલ સર્વિસીસ પરીક્ષા-2020 અને JEE એડવાન્સ પરીક્ષા-2021 પાસ કરનારા વિદ્યાર્થીઓ સાથે સંબોધન કરતી વખતે આ જાહેરાત કરી હતી.
- આ જાહેરાત હરિયાણાના 'સુપર 100 પ્રોગ્રામ' હેઠળ કરવામાં આવી હતી.
- આ યોજના દ્વારા રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવા માંગે છે કે ગરીબ પરિવારનો કોઈ પ્રતિભાશાળી વિદ્યાર્થી તેમના સપના પૂરા કરવાની તક ગુમાવે નહીં.

### હરિયાણામાં નવી શિક્ષણ નીતિ 2020

નવી શિક્ષણ નીતિ 2020 હેઠળ રાજ્યમાં એવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી રહી છે, જેમાં KGથી અનુસ્નાતક સ્તર સુધીનું શિક્ષણ આપવામાં આવશે.

- પ્રારંભિક તબક્કામાં ચાર યુનિવર્સિટીઓમાં આ વ્યવસ્થા કરવામાં આવશે.
- કુરૂક્ષેત્ર યુનિવર્સિટીએ શૈક્ષણિક સત્ર 2021-22 માટે 'KGથી PG સ્કીમ' હેઠળ પ્રવેશ લેવાની તૈયારી શરૂ કરી દીધી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

1. તાજેતરમાં 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' (ISA)ની કેટલામી જનરલ એસેમ્બલી યોજાઈ હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી — (D)

2. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ની ચોથી જનરલ એસેમ્બલી સભામાં કુલ કેટલા દેશોએ ભાગ લીધો હતો ?

(A) 108 (B) 79 (C) 72 (D) 34 — (A)

3. ISAનું મુખ્ય મથક કયા સ્થળે આવેલું છે ?

(A) અમૃતસર, પંજાબ (B) ગુરૂગ્રામ, હરિયાણા (C) કોલંબો, શ્રીલંકા (D) કાઠમંડુ, નેપાળ — (B)

4. ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંતે તાજેતરમાં તેનું કેટલામું પરીક્ષણ શરૂ કર્યુ હતું ?

(A) પ્રથમ (B) બીજું (C) ત્રીજુ (D) ચોથુ — (B)

5. INS વિક્રાંત શું છે ?

(A) ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ

(B) ભારતનું પ્રથમ સ્વદેશી હેલિકોપ્ટર

(C) ભારતનું પરમાણુ રિએક્ટર

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં — (A)

6. તાજેતરમાં કયા રાજ્યએ મફત શિક્ષણ યોજનાની જાહેરાત કરી છે ?

(A) હરિયાણા (B) ત્રિપુરા (C) મેઘાલય (D) સિક્કિમ — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અભ્યાસ : હાઈ-સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ

DRDOએ 22 ઓક્ટોબર, 2021ના રોજ 'અભ્યાસ' (ABHYAS) નામના હાઈ–સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ (HEAT)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- ઓડિશામાં બંગાળની ખાડીના કિનારે ચાંદીપુર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પરથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### ABHYAS વિશે

અભ્યાસ DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.

- ADE એ DRDO હેઠળ પ્રીમિયર એરોનોટિકલ સિસ્ટમ ડિઝાઈન લેબોરેટરી છે.
- તેનું મુખ્ય મથક બેંગ્લુરુમાં આવેલ છે.
- તે ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યાધુનિક માનવરહિત એરિયલ વ્હીકલ (યુએવી) અને એરોનોટિકલ સિસ્ટમ્સ તથા ટેકનોલોજીની ડિઝાઈન અને વિકાસમાં સામેલ છે.

### વિશેષતા

તે ગેસ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે જે સબસોનિક ઝડપે લાંબા અંતર સુધી ઉડી શકે છે.

- તે માર્ગદર્શન અને નિયંત્રણ માટે ફ્લાઈટ કંટ્રોલ કમ્પ્યુટર (FCC) સાથે નેવિગેશન માટે MEMS (માઈક્રોઈલેક્ટ્રો–મિકેનિકલ સિસ્ટમ) આધારિત ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ (INS)થી સજ્જ છે.
- તે સંપૂર્ણ સ્વાયત્ત ફ્લાઈટ માટે પ્રોગ્રામ કરેલ છે અને તેનું ચેક–આઉટ લેપટોપ આધારિત ગ્રાઉન્ડ કંટ્રોલ સિસ્ટમ (GCS)નો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

### ઉપયોગ

તેનો ઉપયોગ વિવિધ મિસાઈલ સિસ્ટમના મૂલ્યાંકન માટે લક્ષ્ય તરીકે કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રાષ્ટ્રીય સંચાલન સમિતિ : નિપુણ ભારત મિશન

25 ઓક્ટોબર, 2021ના રોજ <u>નિપુણ ભારત મિશન</u>ના અમલીકરણ માટે <u>'રાષ્ટ્રીય સંચાલન સમિતિ'</u> (NSC)ની રચના કરવામાં આવી છે.




- NIPUNનું પૂરું નામ <u>'National Initiative for Profciency in Reading with Understanding and Numeracy'</u> છે.
- આ મિશન જુલાઈ, 2021માં <u>'શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ'</u> દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 (NEP 2020) મુજબ મૂળભૂત સાક્ષરતા અને અંકશાસ્ત્રમાં સાર્વત્રિક નિપુણતાના લક્ષ્યને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે આ મિશન શરૂ કરવામાં આવ્યું હતું.
- NEP 2020માં <u>2026-27</u>ના અંત સુધીમાં દરેક બાળકને પાયાની સાક્ષરતા અને સંખ્યાની સાર્વત્રિક પ્રાવીણ્ય પ્રદાન કરવાની કલ્પના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રાષ્ટ્રીય સંચાલન સમિતિ (NSC)

નિપુણ ભારત મિશનના અમલીકરણ માટે સરકારે <u>'રાષ્ટ્રીય સંચાલન સમિતિ'</u>ની રચના કરી છે.

- આ સમિતિનું નેતૃત્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી <u>શ્રી ધર્મેન્દ્ર પ્રધાન</u> કરશે.
- જ્યારે શિક્ષણ રાજ્યમંત્રી અન્નપૂર્ણા દેવી ઉપાધ્યક્ષ તરીકે કામ કરશે.

### NSCની ભૂમિકા અને જવાબદારીઓ

મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાતા પરના રાષ્ટ્રીય મિશનની પ્રગતિનું નિરીક્ષણ કરવું અને નીતિ વિષયક મુદ્દાઓ પર માર્ગદર્શન આપવું.

- <u>2026-27</u>માં રાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત કરવાના લક્ષ્ય સુધી પહોંચવું.
- માર્ગદર્શિકાના સ્વરૂપમાં વાર્ષિક પ્રગતિને માપવા માટેના સાધનોનો પ્રસાર કરવો.
- રાષ્ટ્રીય કાર્ય યોજના (રાજ્ય કાર્ય યોજનાઓ પર આધારિત) તૈયાર કરવી અને મંજૂરી આપવી.

## આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 25 ઓક્ટોબર, 2021ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસીથી 'આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ની શરૂઆત કરી હતી.

### આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

આ યોજના રૂ. 5000 કરોડની છે અને સ્વાસ્થ્ય માળખાને વધારવા માટે શરૂ કરવામાં આવેલી ભારતની સૌથી મોટી યોજના છે.

- આ મિશન શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં જાહેર આરોગ્ય માળખાને સુધારવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- તે 10 ઉચ્ચ કેન્દ્રિત રાજ્યોમાં 17,788 ગ્રામીણ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોને સમર્થન આપે તેવી અપેક્ષા છે.
- આ યોજના હેઠળ **11024** શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.
- આ મિશન ભારતમાં મહત્વપૂર્ણ સ્વાસ્થ્ય સેવા નેટવર્કને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવશે.

### ઉદ્દેશ્ય

શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં મજબૂત જાહેર આરોગ્ય માળખાની ખાતરી કરવી, જે જાહેર આરોગ્યની અંદર કટોકટીની પરિસ્થિતિઓ અથવા રોગના પ્રકોપ સાથે વ્યવહાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

- બ્લોક, જિલ્લા, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સર્વેલન્સ લેબોરેટરીઓના નેટવર્ક દ્વારા IT સક્ષમ રોગ સર્વેલન્સ સિસ્ટમની સ્થાપના કરવી.
- તમામ જાહેર આરોગ્ય લેબોરેટરીઓને ઈન્ટીગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પોર્ટલ દ્વારા જોડવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Sustainable Transport System Award : Kerala

તાજેતરમાં કેરળે 'સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ એવોર્ડ' જીત્યો છે.

- આ એવોર્ડ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવશે.
- આ એવોર્ડ ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પરિવહન સુવિધાઓને માન્યતા આપવા માટે પ્રદાન કરવામાં આવે છે.
- કોચી મેટ્રો, વોટર મેટ્રો અને ઈ–મોબિલિટી જેવા અમલીકૃત પ્રોજેક્ટ્સની પરિવહન સુવિધાઓને વધારવા માટે કોચી શહેરને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- કોચી ઓપન મોબિલિટી નેટવર્ક રચનાએ પણ આ એવોર્ડ જીતવામાં મદદ કરી છે, જેણે વિવિધ પરિવહન સુવિધાઓને ડિજીટલ અને એકિકૃત કરી છે.

નોંધ : (1) વર્ષ 2005થી આ પુરસ્કાર દર વર્ષે એવા શહેર અથવા મોટા અધિકારક્ષેત્રને આપવામાં આવે છે કે જેણે નવીન પરિવહન વ્યૂહરચના અમલમાં મૂકી હોય, ખાસ કરીને ટકાઉ પરિવહનના વિવિધ ક્ષેત્રોમાં.

1. **DDRDO એ 22 ઓક્ટોબર, 2021ના રોજ............નામના હાઈ–સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટ (HEAT)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે ?**

(A) અભ્યાસ (ABHYAS)
(B) પ્રાઈમ (Prime)
(C) માનસ (Manas)
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**(A)**

2. **'ABHYAS' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

1. અભ્યાસ હાઈ–સ્પીડ એક્સપાન્ડેબલ એરિયલ ટાર્ગેટનું તાજેતરમાં ઓડિશામાં ચાંદીપુર ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પરથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
2. અભ્યાસ DRDOના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (ADE) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.
3. તે ગેસ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે જે સબસોનિક ઝડપે લાંબા અંતર સુધી ઉડી શકે છે.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. **તાજેતરમાં કયા મિશનના અમલીકરણ માટે 'રાષ્ટ્રીય સંચાલન સમિતિ' (NSC)ની રચના કરવામાં આવી છે ?**

(A) નિપુણ ભારત મિશન
(B) સ્વસ્થ ભારત મિશન
(C) સન્સ્ટેબલ મિશન
(D) રાષ્ટ્રીય ઔદ્યોગિક મિશન

**(A)**

4. **તાજેતરમાં નિપુણ ભારત મિશનના અમલીકરણ માટે 'રાષ્ટ્રીય સંચાલન સમિતિ (NSC)ની રચના કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

(A) આ સમિતિનું નેતૃત્વ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન કરશે.

(B) જ્યારે રાજ્ય શિક્ષણમંત્રી અન્નપૂર્ણા દેવી ઉપાધ્યક્ષ તરીકે કામ કરશે.

(A) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

**(C)**

5. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ઉત્તરપ્રદેશના વારાણસીમાં 'આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર'ની શરૂઆત કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ મિશન શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં જાહેર આરોગ્ય માળખાને સુધારવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
2. તે ઉચ્ચ કેન્દ્રિત રાજ્યોમાં 17,788 ગ્રામીણ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોને સમર્થન આપે તેવી અપેક્ષા છે.
3. આ યોજના હેઠળ 11024 શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં............... રાજ્યએ 'સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ એવોર્ડ' જીત્યો છે ?

(A) કેરળ (B) ત્રીપુરા (C) છત્તીસગઢ (D) મેઘાલય **(A)**



**દિવસ મહિમા : 27 ઓક્ટોબર, (1) વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ (World Day for Audiovisual Heritage)**
**(2) પાયદળ દિવસ (Infantry Day)**

## છત્તીસગઢમાં રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવશે

રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ (National Tribel Dance Festival) 28 ઓક્ટોબરથી 30 ઓક્ટોબર દરમિયાન રાયપુર ખાતે યોજાશે.

- સાયન્સ કોલેજ ગ્રાઉન્ડમાં છત્તીસગઢ સરકારની પ્રવાસન વિકાસ યોજના હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવશે.
- તે ત્રણ દિવસનો રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ છે.
- આ ઉત્સવમાં ભારતના અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આદિવાસી નૃત્ય જૂથોની ભાગીદારી જોવા મળશે.
- આંતરરાષ્ટ્રીય સહભાગીઓ પણ પોતપોતાના દેશોની આદિવાસી લોક સંસ્કૃતિને દર્શાવતા અને તેની ઉજવણી કરતા આ ઉત્સવમાં ભાગ લેશે.

### કયા દેશો ભાગ લઈ રહ્યા છે ?

રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય ઉત્સવમાં ભારતના વિવિધ ભાગોમાંથી વિવિધ આદિવાસી સમુદાયોના ઘણા કલાકારો ભાગ લેશે.

- કિંગ્ડમ ઓફ એસ્વાઉટની, નાઈજીરીયા, ઉઝબેકિસ્તાન, યુગાન્ડા, શ્રીલંકા, માલી, સીરિયા અને પેલેસ્ટાઈન જેવા દેશોના કલાકારો પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

### મહત્ત્વ

આ મહોત્સવ આદિવાસી સંસ્કૃતિની વિશિષ્ટતાને પ્રોત્સાહન આપવા અને ઉજવણી કરશે.

- તે છત્તીસગઢ અને ભારત તથા વિશ્વના અન્ય પ્રદેશોમાં આદિવાસી જીવનની સમૃદ્ધિ અને વિવિધતાને પ્રદર્શિત કરશે.

### નૃત્ય પ્રદર્શન

ઈવેન્ટમાં નૃત્ય પ્રદર્શન બે કેટેગરીમાં યોજવામાં આવશે : લગ્ન સમારોહ અને અન્ય મુખ્ય ધાર્મિક વિધિઓ.

### છત્તીસગઢમાં આદિવાસીઓ

છત્તીસગઢમાં દંતેવાડા, બસીર, બિલાસપુર, કોરિયા, કોરબા, ગારિયાબંધ, મૈનપુર, સુરગુજા, ધમતરી, જશપુર જેવા વિસ્તારોમાં નોંધપાત્ર આદિવાસી વસતી છે.

- તેમનો પોતાનો અલગ ઈતિહાસ, પરંપરાઓ અને સંસ્કૃતિ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) વર્ષ 2019માં રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવની પ્રથમ આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) તેમાં છ મહેમાન દેશોની સાથે ભારતના 25 રાજ્યોના આદિવાસી સમુદાયોની ભાગીદારી જોવા મળી હતી. આ કાર્યક્રમમાં લગભગ 1 લાખ લોકોએ ભાગ લીધો હતો.

## ભારત અને સ્વીડને 'ઈનોવેશન ડે'ની ઉજવણી કરી

ભારત અને સ્વીડન દ્વારા 26 ઓક્ટોબર, 2021ના રોજ 8મા 'ઈનોવેશન ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ ઓનલાઈન ઈવેન્ટ દરમિયાન બંને દેશોના પ્રતિનિધિઓએ ક્લાઈમેટ ચેન્જના વિવિધ પાસાઓ અને 'ગ્રીન ટ્રાન્ઝિશન'ના સંભવિત ઉકેલો અંગે ચર્ચા કરી હતી.
- જળવાયુ પરિવર્તન અંગે ચર્ચા કરવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત એક દિવસીય કાર્યક્રમને નવ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો.
- ક્લાઈમેટ ફ્રેન્ડલી સોલ્યુશન્સ ઓફર કરવા માટે ડિજિટલ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લાગુ કરવા માટે સત્ર દરમિયાન વિચારોનું આદાન–પ્રદાન કરવામાં આવ્યું હતું.
- આ ઓનલાઈન ઈવેન્ટનું આયોજન 'એક્સલરેટીંગ ઈન્ડિયા–સ્વીડન ગ્રીન ટ્રાન્ઝિશન' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.
- ઈન્ડિયા–સ્વીડન ઈનોવેશન ડેનું આયોજન ઈન્ડિયા અનલિમિટેડ દ્વારા સ્વીડનમાં ભારતીય દુતાવાસ, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) અને સ્વીડન–ઈન્ડિયા બિઝનેસ કાઉન્સીલના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે ભારત અને સ્વીડન વચ્ચે ઐતિહાસિક દ્વિપક્ષીય સંબંધો છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર **(B)**

2. ‘પાયદળ દિવસ’ અથવા 'Infantray Day' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર **(B)**

3. કયા રાજ્યમાં ‘રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ’નું આયોજન કરવામાં આવશે ?

(A) રાજસ્થાન (B) અરૂણાચલ પ્રદેશ (C) આસામ (D) છત્તીસગઢ **(D)**

4. રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ (National Tribel Dance Festival) 28 ઓક્ટોબરથી 30 ઓક્ટોબર દરમિયાન છત્તીસગઢના...............સ્થળે યોજાશે.

(A) રાયપુર (B) ભિલાઈ (C) બિલાસપુર (D) કોરબા **(A)**

5. તાજેતરમાં ભારત અને કયા દેશે ‘ઈનોવેશન–ડે’ની ઉજવણી કરી હતી ?

(A) સ્વીડન (B) ઓસ્ટ્રેલિયા (C) જાપાન (D) ફ્રાન્સ **(A)**

6. વર્ષ 2021માં ભારત અને સ્વીડને કેટલામાં ‘ઈનોવેશન ડે’ની ઉજવણી કરી હતી ?

(A) 5મા (B) 7મા (C) 8મા (D) 10મા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ (International Animation Day)

## વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદની પુનઃ રચના કરવામાં આવી

ભારત સરકારે 27 ઓક્ટોબર, 2021ના રોજ વડાપ્રધાન માટે સાત સભ્યોની 'આર્થિક સલાહકાર પરિષદ' (PM Economic Advisory Council- EAC)ની પુનઃ રચના કરી છે.

- સપ્ટેમ્બર, 2021માં તેની મુદ્દત પૂરી થયા બાદ નવી 'આર્થિક સલાહકાર પરિષદ'ની રચના કરવામાં આવી હતી.
- બે વર્ષના સમયગાળા માટે તેનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે.
- શ્રી બિબેક દેબરોય (Bibek Debroy) આ પરિષદના અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે.

### આર્થિક સલાહકાર પરિષદ

આર્થિક સલાહકાર પરિષદ એ ગેર–બંધારણીય, ગૈર–વૈધાનિક, અસ્થાયી અને સ્વતંત્ર સંસ્થા છે.

- તેનું ગઠન એ વડાપ્રધાનને મહત્ત્વપૂર્ણ આર્થિક સલાહ આપવાના હેતુથી કરવામાં આવે છે.
- વડાપ્રધાન દ્વારા કોઈ સંદર્ભ આપવામાં આવે અથવા ફુગાવો, કુલ આંતરિક પેદાશ (GDP)માં પરિવર્તન, નિકાસ–આયાતમાં પરિવર્તન, વેપાર અને વાણિજ્ય માટે સહાયક વાતાવરણ બનાવવું વગેરે જેવી આર્થિક બાબતો પર વડાપ્રધાનને સલાહ આપવાનું કાર્ય કરે છે.
- વર્ષ 2017માં વડાપ્રધાન દ્વારા શ્રી બિબેક દેબરોયની અધ્યક્ષતામાં આર્થિક સલાહકાર પરિષદની રચના કરી હતી.

## ભારતીય મૂળના નેતા સુશ્રી અનિતા આનંદ કેનેડાના નવા સંરક્ષણ મંત્રી બન્યા

26 ઓક્ટોબર, 2021ના રોજ કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટિન ટ્રુડોએ તેમના કેબિનેટમાં ફેરબદલ કર્યો હતો.

- જેમાં ભારતીય–કેનેડિયન નેતા સુશ્રી અનિતા આનંદ (Anita Anand)ને કેનેડાના નવા સંરક્ષણ મંત્રી તરીકે નિયુક્ત કર્યા છે.
- મધ્યવર્તી ચૂંટણીમાં લિબરલ પાર્ટી સત્તા પર પાછા ફર્યા બાદ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેમના મંત્રીમંડળમાં ફેરબદલ કર્યો હતો.
- તેઓ ભારતીય મૂળના સંરક્ષણ મંત્રી શ્રી હરજીત સજ્જનનું સ્થાન લેશે.
- સુશ્રી અનિતા આનંદનો જન્મ વર્ષ 1967માં નોવા સ્કોટિયામાં થયો હતો.
- તેમના માતા–પિતા ભારતીય મૂળના છે.
- તેઓ યુનિવર્સિટી ઓફ ટોરેન્ટોથી લો પ્રોફેસર તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કૃષિ ઉડાન 2.0 (Krishi UDAN 2.0)

તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ 'કૃષિ ઉડ્ડયન 2.0' ને હવાઈ માર્ગે કૃષિ પેદાશોની અવરજવરને સરળ બનાવવા માટે લોન્ચ કર્યુ હતું.

- તેનો ઉદ્દેશ્ય કૃષિ–ઉત્પાદન અને હવાઈ પરિવહનના બહેતર એકીકરણ અને ઓપ્ટિમાઈઝેશન દ્વારા ઉત્પાદનોની વાજબી કિંમતો હાંસલ કરવાનો છે. તથા વૈવિધ્યભર અને ગતિશીલ પરિસ્થિતિઓમાં કૃષિ–મૂલ્ય સાંકળની સ્થિરતા અને સ્થિતિસ્થાપકતામાં યોગદાન આપવાનો છે.

### કૃષિ ઉડાન 2.0

કૃષિ ઉડાન 2.0 યોજના હેઠળ પર્વતીય અને ઉત્તરપૂર્વીય પ્રદેશોમાં એરપોર્ટ પર કાર્ગો સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવામાં આવશે.

- આવી માળખાકીય સુવિધાઓ ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં મદદ કરશે.
- કૃષિ ઉડાન 2.0 હેઠળ કેન્દ્ર સરકાર પસંદગીના એરપોર્ટ પર ચાર્જમાં સંપૂર્ણ માફી આપવાની યોજના ધરાવે છે.
- જો કૃષિ કાર્ગો કુલ ચાર્જેબલ લોડના 50% કરતા ઓછો હોય તો રિબેટ પણ આપવામાં આવશે.
- આ કેન્દ્ર સમગ્ર ભારતમાં હબ અને સ્પોક મોડલ્સના વિકાસમાં પણ મદદ કરશે.
- તથા સરકાર તબક્કાવાર એરપોર્ટ પર કાર્ગો ટર્મિનલ પણ બનાવશે.
- આ ઉપરાંત સરકાર રાજ્યોને એવિએશન ટર્બાઈન ઈંધણ પરનો સેલ્સ ટેક્સ ઘટાડીને એક ટકા કરવા પ્રોત્સાહિત કરશે, જેનો ઉપયોગ કાર્ગો પ્લેન અને પેસેન્જર એરક્રાફ્ટમાં માલસામાનના પરિવહન માટે થાય છે.

### ઉદ્દેશ

ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેયને હાંસલ કરવા નાગરિક ઉડ્ડયનની મદદથી ભારતીય કૃષિની વિપુલ સંભાવનાને ચેનલાઈઝ કરવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- તે કૃષિ પેદાશોનો બગાડ ઘટાડવામાં અને તેનું મુલ્ય વધારવામાં પણ મદદ કરશે.

### કાર્ગો ટર્મિનલ

આ યોજના હેઠળ 2022 સુધીમાં અગરતલા, દિબ્રુગઢ, શ્રીનગર, હુબલી, દીમાપુર, જોરહાટ, ઈમ્ફાલ, લીલાબારી, લખનૌ, તિરૂપતિ અને તુતીકોરીનના એરપોર્ટ પર કાર્ગો ટર્મિનલ સ્થાપિત કરવામાં આવશે.

- અમદાવાદ, ઝારસુગડા, ભાવનગર, મૈસુર, કોઝિકોડ, રાજકોટ, પુડુચેરી અને વિજયવાડાના એરપોર્ટ પર 2022-23 વચ્ચે કાર્ગો ટર્મિનલ સ્થાપવામાં આવશે.

નોંધ : (1) કેન્દ્ર સરકારે વર્ષ 2020માં કૃષિ ઉડાન યોજના શરૂ કરી હતી.

(2) આ યોજના હેઠળ એરપોર્ટ ચાર્જિસ જેમ કે પાર્કિંગ ચાર્જ અને ટર્મિનલ નેવિગેશલ લેન્ડિંગ ચાર્જ માફ કરવામાં આવ્યા હતા.

(3) UDANનું પૂરું નામ 'Ude Desh Ka Aam Nagrik' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. 'આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર (C) 30 ઓક્ટોબર (D) 31 ઓક્ટોબર **(A)**

2. તાજેતરમાં વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (PM Economic Advisory Council-EAC)નું કેટલા વર્ષના સમયગાળા માટે પુનર્ગઠન કરવામાં આવ્યું છે ?

(A) બે (B) ચાર (C) છ (D) આઠ **(A)**

3. 'આર્થિક સલાહકાર પરિષદ' (EAC) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આર્થિક સલાહકાર પરિષદ એ ગેર–બંધારણીય, ગેર–વૈધાનિક, અસ્થાયી અને સ્વતંત્ર સંસ્થા છે.
2. તેનું ગઠન વડાપ્રધાનને મહત્ત્વપૂર્ણ આર્થિક સલાહ આપવાના હેતુથી કરવામાં આવે છે.
3. વર્ષ 2017માં વડાપ્રધાનશ્રી દ્વારા બિબેક દેબોરાયની અધ્યક્ષતામાં તેની રચના કરવામાં આવી હતી.
4. વર્તમાન તેના અધ્યક્ષ શ્રી પંકજ કુમાર છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 4 **(C)**

4. ભારતીય મૂળના નેતા સુશ્રી અનિતા આનંદ કયા દેશના નવા સંરક્ષણ મંત્રી બન્યા છે ?

(A) ફ્રાન્સ (B) કેનેડા (C) અમેરિકા (D) બ્રિટન **(B)**

5. તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા 'કૃષિ ઉડાન 2.0' લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કૃષિ ઉડાન 2.0 હેઠળ કેન્દ્ર સરકાર પસંદગીના એરપોર્ટ પર ચાર્જમાં સંપૂર્ણ માફી આપવાની યોજના ધરાવે છે.
2. આ યોજના અંતર્ગત કૃષિ કાર્ગો કુલ ચાર્જેબલ લોડના 50% કરતા ઓછો હોય તો રિબેટ પણ આપવામાં આવશે.
3. આ યોજના હેઠળ 2022 સુધીમાં અગરતલા, દિબ્રુગઢ, દીમાપુર, જોરહાટ, ઈમ્ફાલ, લખનૌ વગેરે એરપોર્ટ પર કાર્ગો ટર્મિનલ સ્થાપિત કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય ટેલીગ્રાફ રાઈટ ઓફ વે (સુધારા) નિયમો, 2021

તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ભારતીય ટેલિગ્રાફ રાઈટ ઓફ વે (સુધારા) નિયમો, 2021' ને સૂચિત કર્યા છે.

- આ નિયમોનો ઉદ્દેશ ભારતીય ટેલિગ્રાફ રાઈટ ઓફ વે રૂલ્સ, 2016માં ઓવર ગ્રાઉન્ડ ટેલિગ્રાફ લાઈન સ્થાપિત કરવા માટે સમાન પ્રક્રિયા સંબંધિત જોગવાઈઓ સામેલ કરવાનો છે.
- આ નિયમો અંતર્ગત ઓવર ગ્રાઉન્ડ ટેલિગ્રાફ લાઈનની સ્થાપના માટે એક વખતના વળતરની રકમ પ્રતિ કિલોમીટર મહતમ 1000 રૂ. હશે.
- આ સુધારાઓ સમગ્ર દેશમાં ડિજિટલ કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના અને વૃધ્ધિ માટે રાઈટ ઓફ વે (ROW) સંબંધિત અધિકૃતા પ્રક્રિયાઓને સરળ બનાવશે.
- અગાઉ, ROW નિયમો માત્ર અંડરગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ (OFC) અને મોબાઈલ ટાવર્સને આવરી લેતા હતા.
- નવા નિયમો મુજબ વહીવટી ફી અને પુનઃ સ્થાપના ફી સિવાય, ભૂગર્ભ અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટકચરના ઈન્સ્ટોલેશન, જાળવણી, ટ્રાન્સફર અથવા ફેરફાર માટે ફી લેવામાં આવશે નહીં.
- આ સુધારાઓ ભારતમાં ડિજિટલ કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના અને વૃધ્ધિ માટે ROW સંબંધિત પરવાનગી પ્રક્રિયાને સરળ બનાવશે.
- નવા નિયમોમાં ઈ–ગવર્નન્સ અને નાણાકીય સમાવેશને મજબૂત કરવાની જોગવાઈ છે. તે વ્યવસાય કરવામાં સરળતા લાવવાનો પ્રયાસ કરે છે. તથા નાગરિકો અને સાહસોની માહિતી અને સંચાર જરૂરિયાતોને પણ પૂર્ણ કરશે.

## અપતટીય પેટ્રોલિંગ જહાજ : સાર્થક (Offshore Patrol Vessel-OPV)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

તાજેતરમાં ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા એક અપતટીય પેટ્રોલિંગ જહાજ (Offshore Patrol Vessel-OPV),ભારતીય કોસ્ટ ગાર્ડ શિપ (ICGS)- 'સાર્થક' (Sarthak)ને ગોવામાં કમિશનિંગ કરીને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે.

- OPV સાર્થક ગુજરાતના પોરબંદરમાં સ્થિત હશે.

### OPV Sarthak

OPV સાર્થક 105 મીટર લાંબુ જહાજ છે. જેની સ્થાપિત ક્ષમતા 2,450 ટનની છે.

- જે બે 9,100 kw ડીઝલ એન્જિનો દ્વારા સંચાલિત છે.
- સાર્થક પાંચ Offshore Patrol Vesselની શ્રીણીમાં ચોથુ છે. જે દેશની દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણને નોંધપાત્ર રીતે વેગ આપશે.

- OPV એ લોંગ–રેંજ સર્ફેસ જહાજ છે, જે હેલિકોપ્ટર ઓપરેશનલ ક્ષમતા ધરાવતા ટાપુ પ્રદેશો સહિત ભારતના દરિયાઈ વિસ્તારોમાં સંચાલન કરવા સક્ષમ છે.
- તેમની ભૂમિકાઓમાં તટીય તથા દરિયાઈ પેટ્રોલિંગ, દરિયાઈ વિસ્તારોનું પોલિસિંગ, નિયમન અને દેખરેખ, એન્ટિ સ્મગલિંગ તથા એન્ટિ–પાયરસી ઓપરેશન કરવા માટે અને મર્યાદિત યુધ્ધ પ્રવૃત્તિ માટે સક્ષમ છે.
- તેનું ડિઝાઈનિંગ તથા તેની બનાવટ ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે.
- તેની બનાવટમાં 70% ઘટકો સ્વદેશી છે.
- આમ, તે ભારતીય જહાજ– નિર્માણ ઉદ્યોગ તથા આત્મનિર્ભર ભારત તરફ એક મોટો પ્રયાસ છે.
- આ જહાંજ અત્યાધુનિક નેવિગેશન અને કોમ્યુનિકેશન સાધનો, સેન્સર અને મશીનરીથી સજ્જ છે.
- તેમાં પ્રદૂષણ માટેના જવાબી ઉપકરણો પણ છે. જે દરિયામાં ઢોળાયેલા તેલના ફેલાવાને રોકી શકે છે.
- અન્ય OPV જહાજ નીચે મુજબ છે :

(1) સજગ

(2) વિગ્રહ

(3) યાર્ડ 45006 વજ્ર

(4) વરાહ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અગ્નિ-5 મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું

ભારતે 27 ઓક્ટોબર, 2021ના રોજ સપાટી થી સપાટી પર પ્રહાર કરનાર બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ–5નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈસલેન્ડ) ખાતે આવેલા ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### અગ્નિ- 5 મિસાઈલની વિશેષતા

અગ્નિ–5 એ ભારતની સંપૂર્ણપણે સ્વદેશી બનાવટની પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ છે.

- આ મિસાઈલ ત્રણ તબક્કાના ઘન–ઈંધણ એન્જિનનો ઉપયોગ કરે છે, જે ખૂબ જ ઉચ્ચ ચોક્કસાઈ સાથે 5000 કિ.મીની રેન્જ સુધીના લક્ષ્યોને હિટ કરી શકે છે.
- તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 (અથવા 5000 થી 8000) કિ.મી સુધીની છે.
- તેની વહનક્ષમતા 1500 કિલોગ્રામ સુધીની છે.
- તે જમીન થી જમીન (સપાટી થી સપાટી) પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- અગ્નિ–5 એ ભારતની સ્વદેશી બનાવટની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે.
- આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.

- તેનું મેન્યુફેક્ચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થયું છે.

નોંધ : (1) અગ્નિ– 5 મિસાઈલનું પ્રથમ પરીક્ષણ એપ્રિલ 2012માં કરવામાં આવ્યું હતું. જ્યારે છેલ્લું પરીક્ષણ વર્ષ 2018માં કરવામાં આવ્યું હતું.

(2) DRDOનું પૂરું નામ 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે.



1. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ભારતીય ટેલિગ્રાફ રાઈટ ઓફ વે રુલ્સ, 2021' સૂચિત કર્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ નિયમોનો ઉદ્દેશ ભારતીય ટેલિગ્રાફ રાઈટ ઓફ વે રુલ્સ, 2016માં ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ લાઈન સ્થાપિત કરવા માટે સમાન પ્રક્રિયા સંબંધિત જોગવાઈઓ સામેલ કરવાનો છે.
2. આ નિયમો અંતર્ગત ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ લાઈનની સ્થાપના માટે એક વખતના વળતરની રકમ પ્રતિ કિ.મી મહતમ 1000 રૂ. હશે.
3. આ સુધારાઓ સમગ્ર દેશમાં ડિજિટલ કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થાપના અને વૃધ્ધિ માટે રાઈટ ઓફ વે સંબંધિત અધિકૃતા પ્રક્રિયાઓને સરળ બનાવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 1 (C)

---

2. તાજેતરમાં OPV 'સાર્થક' રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. OPV સાર્થક 105 મીટર લાંબુ જહાજ છે. જેની સ્થાપિત ક્ષમતા 2,450 ટનની છે.
2. જે બે 9,100 kw ડીઝલ એન્જિનો દ્વારા સંચાલિત છે.
3. સાર્થક OPV શ્રીણીનું ચોથું જહાજ છે જે દેશની દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણને નોંધપાત્ર વેગ આપશે.
4. OPVનું પૂરું નામ 'Offshore Patrol Vessel' છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

---

3. 27 ઓક્ટોબર, 2021ના રોજ ભારત દ્વારા કઈ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?

(A) બ્રહ્મોસ (B) પૃથ્વી (C) અગ્નિ– 2 (D) અગ્નિ– 5 (D)

---

4. અગ્નિ– 5 મિસાઈલની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તે ભારતની સંપૂર્ણ સ્વદેશી પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છે.
2. તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 કિ.મી અથવા તો 5000 થી 8000 કિ.મી છે.
3. તે હવાથી હવામાં પ્રહાર કરવા સક્ષમ છે.
4. આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે. તથા તેનું મેન્યુફેકચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થાય છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (A)

## દિવસ મહિમા : 30 ઓક્ટોબર, વિશ્વ બચત દિવસ (World Savings Day)

નોંધ : 'વિશ્વ બચત દિવસ'ને અગાઉ 'વિશ્વ કરકસર દિવસ' (World Thrift Day) તરીકે પણ ઓળખવામાં આવતું હતું.

## ફેસબુકનું નામ બદલીને 'મેટા' કરવામાં આવ્યું

સોશિયલ મીડિયામાં સૌથી વ્યાપક અને શક્તિશાળી બની ચૂકેલી કંપની ફેસબૂકે પોતાનું નામ બદલીને 'મેટા' (Meta Platforms Inc.) કર્યું છે.

- Facebook Inc. નું નામ બદલીને Meta Platforms Ince., અથવા મેટા કર્યુ છે. જે 'મેટાવર્સ' નામની સરાઉન્ડ–યોરસેલ્ફ ટેકનોલોજી વિકસાવવાની તેની પ્રતિબધ્ધતાને પ્રતિબિંબિત કરે છે.
- જોકે સોશિયલ નેટવર્ક હજુ પણ ફેસબુક જ કહેવાશે.
- કંપનીનું રિબ્રાઉન્ડિંગ એક વર્ચ્યુઅલ દુનિયા વિકસાવવા અને 'કંપની બ્રાન્ડ હેઠળ લાવવા' માટેની મોટી યોજનાનો એક ભાગ છે.
- વર્ષ 2004માં ફેસબુકની શરૂઆત થઈ ત્યારથી તેણે ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી સોશિયલ મીડિયા એપ્સ પણ ખરીદી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કન્નડ ફિલ્મોના સુપરસ્ટાર શ્રી પૂનીત રાજકુમારનું નિધન



કન્નડ ફિલ્મોના અભિનેતા શ્રી પૂનિત રાજકુમારનું 46 વર્ષની વયે બેંગ્લોર ખાતે નિધન થયું છે.

### શ્રી પૂનીત રાજકુમાર

શ્રી પૂનીત રાજકુમાર (લોહીત)નો જન્મ 17 માર્ચ, 1975ના રોજ ચેન્નાઈ ખાતે થયો હતો.

- તેઓ કન્નડ ફિલ્મ ઉદ્યોગના સુપરસ્ટાર ડો. રાજકુમારના સૌથી નાના પુત્ર હતા.
- 1980ના દાયકામાં તેમણે બાળ કલાકાર તરીકે અભિનયની શરૂઆત કરી હતી.
- ત્યારબાદ પુનીત રાજકુમારે ફિલ્મ અપ્પુમાં મુખ્ય ભૂમિકા સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેઓ આકાશ (2005), અરાસુ (2007), મિલન (2007), અને વંશજો (2008) જેવી ફિલ્મોમાં તેમના અભિનય માટે જાણિતા છે.
- અરાસુમાં તેમના અભિનય માટે તેમને 2007માં ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત વર્ષ 2008માં 'મિલન'માં અભિનય માટે શ્રેષ્ઠ અભિનેતા માટે કર્ણાટક રાજ્ય પુરસ્કાર મળ્યો હતો.
- મીડિયા અને ચાહકો દ્વારા તેને 'પાવરસ્ટાર' તરીકે ઓળખવામાં આવે છે.
- આ ઉપરાતં સ્થાનિક ભાષામાં 'અપ્પુ' તરીકે પણ પ્રસિધ્ધ હતા.

## સમુદ્રયાન મિશન

તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES)એ ચેન્નાઈમાં પ્રથમ માનવસહિત મહાસાગર મિશન 'સમુદ્રયાન' લોન્ચ કર્યુ છે.

- આ સાથે ભારત એવા પસંદગીના દેશોની યાદીમાં સામેલ થઈ ગયુ છે કે જેમની પાસે દરિયાની નીચે પ્રવૃત્તિઓ કરવા માટે આવા વિશિષ્ટ ટેકનોલોજી વાહનો છે.
- અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જાપાન અને ચીન જેવા દેશોની સાથે હવે ભારતનો પણ આવી ટેકનોલોજીમાં સમાવેશ થયો છે.

### સમુદ્રયાન મિશન

સમુદ્રયાન મિશન એ ભારતનું પ્રથમ અનોખું માનવસહિત મહાસાગર મિશન છે. જેનો ઉદ્દેશ્ય લોકોને સબમરિન દ્વારા ઊંડા સમુદ્રમાં સંશોધન અને દુર્લભ ખનિજોના ખાણકામ માટે મોકલવાનો છે.

- તે પાણીની અંદર ઊંડા અભ્યાસ માટે 'મત્સ્ય 6000' નામની માનવસહીત સબમરીનમાં 6000 મીટરની ઊંડાઈમાં ત્રણ લોકોને મોકલશે.
- તે રૂ. 6000 કરોડના 'ડીપ ઓશન મિશન'નો એક ભાગ છે.
- નોંધનીય છે કે 'ડીપ ઓશન મિશન'ને જૂન 2021માં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- તેનો ઉદ્દેશ્ય દરિયાઈ સંસાધનોના ટકાઉ ઉપયોગ માટે દરિયાઈ સંસાધનોનું અન્વેષણ અને ઊંડા સમુદ્રની તકનીકો વિકસાવવાનો છે.
- 'મત્સ્ય 6000'એ સ્વદેશી રીતે વિકસિત માનવસહિત લશ્કરી સબમરિન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ બચત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 ઓક્ટોબર (B) 29 ઓક્ટોબર (C) 30 ઓક્ટોબર (D) 31 ઓક્ટોબર

(C)

2. તાજેતરમાં ફેસબુકનું નામ બદલીને ________ કરવામાં આવ્યું છે.

(A) Beta (B) Meta (C) Keta (D) Facta

(B)

3. તાજેતરમાં શ્રી પૂનીત રાજકુમારનું નિધન થયું છે. તે કઈ ફિલ્મ ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) કન્નડ (B) રાજસ્થાની (C) ભોજપુરી (D) પંજાબી

(A)

4. કયા કન્નડ અભિનેતા 'પાવરસ્ટર' તરીકે ઓળખાય છે ?

(A) શ્રી પૂનીત રાજકુમાર (B) શ્રી જોસેફ વિજય

(C) શ્રી વિજય સેતુપતિ (D) શ્રી મહેશ બાબુ

(A)

5. 'સમુદ્રયાન મિશન' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે ચેન્નાઈમાં પ્રથમ માનવસહિત આ મિશન લોન્ચ કર્યુ હતું.
2. આ મિશનનો ઉદ્દેશ્ય લોકોને સબમરિન દ્વારા ઊંડા સમુદ્રમાં સંશોધન અને દુર્લભ ખનીજોના ખાણ માટે શરૂ કરવામાં આવ્યું છે.
3. આ મિશન અંતર્ગત પાણીની અંદર અભ્યાસ માટે મત્સ્ય 6000 નામની માનવસહિત સબમરીનમાં ત્રણ લોકોને મોકલવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1 અને 2

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **સાયબર સેફ મિશન**

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શરૂ કરાયેલા અવેરનેસ કેમ્પેઈન 'સાયબર સેફ મિશન'નો પ્રારંભ કરાવ્યો હતો. આ દરમિયાન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે હવેનો યુગ મોબાઈલ ઈન્ટરનેટ તથા સાયબરનો યુગ છે અને તેના વધતા વ્યાપ સાથે સાયબર ક્રાઈમ કરનારા લોકો પણ મોટા પ્રમાણમાં આવા ગુનાઓ કરી લોકોને છેતરવા, નાણાં હજમ કરી જવા જેવી પ્રવૃત્તિ આચરતા હોય છે. ત્યારે સમાજમાં આવા ગુનાઓ સામે જન જાગૃતિ જગાડવામાં આ સાયબર સેફ મિશન એક સક્ષમ માધ્યમ બનશે. આ ઉપરાંત રાજ્યની મહિલાઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપતું ડો. અનંત પ્રભુજી દ્વારા લિખિત 'સાયબર સેફ ગર્લ' પુસ્તકનું પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિમોચન કર્યું હતું. તેમજ શ્રી આર.એલ. નરસિમ્બા રાવજી દ્વારા સાયબર અંગેના ગુનાઓ અને વિવિધ હેકિંગ પ્રવૃત્તિઓની માહિતી આપતી www.cybersafeahmedabad.org વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ગોવાએ ODF અને દરેક ઘરને વીજળી આપવાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું**

માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે તાજેતરમાં ગોવાને અભિનંદન પાઠવ્યા હતા કારણ કે ગોવાએ દરેક ઘર માટે ODF અને વીજળી આપવાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. ગોવા 'હર ઘર જલ મિશન' હેઠળ દરેક ઘરને નળનું પાણી પૂરું પાડતું પ્રથમ રાજ્ય બન્યું છે. આ ઉપરાંત ગોવાએ ગરીબો અને જરૂરિયાતમંદોને મફત રાશન આપવાનું 100 ટકા લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. ODF એટલે કે જો એક પણ વ્યક્તિ દિવસના કોઈપણ સમયે ખુલ્લામાં શૌચ ન કરે તો શહેર અથવા વોર્ડને ODF શહેર અથવા વોર્ડ તરીકે સૂચિત કરવામાં આવે છે.

➤ **RBIએ NBFC IPO ફંડિંગ લિમિટ નક્કી કરી**

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ 22 ઓક્ટોબર, 2021ના રોજ નોન–બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs)ના સ્કેલ આધારિત નિયમનની જાહેરાત કરી હતી. RBIના નિયમનમાં ઉધાર લેનાર દીઠ IPO ભંડોળની ટોચમર્યાદા અને લઘુત્તમ નેટ માલિકીના ભંડોળમાં ફેરફાર, મૂડીની જરૂરિયાતો અને નોન–પર્ફોમિંગ એસેટ્સના વર્ગીકરણનો સમાવેશ થાય છે. નવા ફ્રેમવર્ક હેઠળ RBIએ IPOના સબસ્ક્રિપ્શન માટે ધિરાણ લેનારા દીઠ રૂ. 1 કરોડની મર્યાદા નક્કી કરી છે. એકંદરે માર્ગદર્શિકા 1 ઓક્ટોબર, 2022થી અમલમાં આવશે, જ્યારે IPO ભંડોળ મર્યાદા સંબંધિત માર્ગદર્શિકા 1 એપ્રિલ, 2022થી અસરકારક રહેશે.

➤ **કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય રોજગાર નીતિ માટે એક પેનલ બનાવશે**

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય રોજગાર નીતિ માટે એક સમિતિની રચના કરવાની યોજના ધરાવે છે, જે ભારતમાં રોજગારની તકો સુધારવા માટે રોડમેપ તૈયાર કરવા માગે છે. આ સમિતિમાં શ્રમ મંત્રાલય અને અન્ય મંત્રાલયોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે. રાષ્ટ્રીય રોજગાર નીતિ રોજગારસઘન ક્ષેત્રો તરફ રોકાણ આકર્ષીને, સક્ષમ વાતાવરણ ઉભુ કરીને અને નીતિ દરમિયાનગીરીઓ દ્વારા નવા ઉદ્યોગોને આકર્ષીને રોજગાર ક્ષમતામાં સુધારો કરવા માટે ક્ષેત્રવાર વ્યૂહરચના ઘડવા માગે છે.

➤ **રાજકુમારી હીઓ હવાંગ-ઓકે (Queen Heo-Hawangok)**

તાજેતરમાં અયોધ્યામાં સરયુ નદીના કિનારે રામકથા પાર્કનું નવીનીકરણ કરવામાં આવ્યું છે, તેની સાથે તેનું નામ ‘ક્વીન હીઓ હવાંગ–ઓકે’ મેમોરિયલ પાર્ક રાખવામાં આવશે. આ સ્મારક ઉદ્યાનમાં હવે રાણી અને રાજાના મંડપનો સમાવેશ થાય છે, જ્યાં તેમની પ્રતિમાઓ હાજર છે અને રાજકુમારી ‘સૂરીરત્ના’ની યાત્રાને ચિહ્નિત કરવા માટે એક તળાવ પણ બનાવવામાં આવ્યું છે. વર્ષ 2000માં ભારત અને દક્ષિણ કોરિયાએ ‘અયોધ્યા’ અને ‘ગિમ્હે’ને ‘સિસ્ટર સિટીઝ’ તરીકે વિકસાવવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નોંધનીય છે કે, રાણી હીઓ હવાંગ–ઓકે એક કોરિયન રાણી હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વિજિલન્સ અવેરનેસ વીક 2021**

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) 26 ઓક્ટોબરથી 1 નવેમ્બર 2021 સુધી ‘વિજિલન્સ અવેરનેસ વીક 2021’ મનાવી રહ્યું છે. 31મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે તેમના સન્માનમાં એક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ભ્રષ્ટાચારના વધતા જતા જોખમ અને તેના પરિણામોની ચિંતાને ધ્યાનમાં રાખીને સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ સપ્તાહ મહત્ત્વપૂર્ણ છે કારણ કે સામાજિક ઉત્થાન અને પરિવર્તન પર ધ્યાન કેન્દ્રીત કરી રહેલા વિકાસશીલ દેશોમાં તકેદારી અને જાગૃતિની વધતી જતી જરૂરિયાત છે. CVC આ સપ્તાહને ‘આત્મનિર્ભરતા અને અખંડતા’ની થીમ સાથે ઉજવી રહ્યું છે.

➤ **National Formulary of India (NFI)**

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ 25 ઓક્ટોબર, 2021ના રોજ 'National Formulary of India'ની છઠ્ઠી આવૃત્તિ લોન્ચ કરી હતી. ભારતમાં દવાઓના તર્કસંગત ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતીય ફાર્માકોપિયા કમિશન દ્વારા NFI પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આરોગ્યમંત્રી ના જણાવ્યા અનુસાર NFI 2021 ફાર્માસિસ્ટ, ડોકટરો, દંત ચિકિત્સકો, નર્સો વગેરે જેવા તમામ આરોગ્ય વ્યવસાયિકો માટે માર્ગદર્શન દસ્તાવેજ તરીકે કાર્ય કરશે. NFI કિલનિકલ પ્રેક્ટિસમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. તે ભારતમાં દવાઓના તર્કસંગત ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ દસ્તાવેજ ચિકિત્સકો અને આરોગ્ય વ્યાવસાયિકો માટે ફાયદાકારક છે.

## વિશ્વ

➤ **Saudi Green Initiative Forum**

ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને 23, ઓક્ટોબર, 2021ના રોજ 'સાઉદી ગ્રીન ઈનિશિયેટિવ ફોરમ'ની શરૂઆત કરી હતી. સાઉદી અરેબિયાના નવા 'ગ્રીન' ઉદ્દેશ્યોની જાહેરાત સાથે રિયાધમાં આ મંચની શરૂઆત કરવામાં આવી હતી. આ ફોરમ સાઉદી અરેબિયા દ્વારા હાથ ધરાયેલા પર્યાવરણીય પ્રયાસોની આંતરરાષ્ટ્રીય હસ્તિઓ અને ઉચ્ચ પ્રોફાઈલ સરકારી નેતાઓ સાથે ચર્ચા કરશે. આ ફોરમમાં સાઉદી અરેબિયાએ પર્યાવરણની સુરક્ષા અને જળવાયુ પરિવર્તન સામે લડવા માટે સાઉદી અરેબિયાના રોડમેપની પણ જાહેરાત કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સાઉદી અરેબિયાએ નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ શરૂ કર્યું**

સાઉદી અરેબિયાએ આગામી દાયકામાં પ્રોજેક્ટ્માં 200 બિલિયન રિયાલનું રોકાણ કરવા માટે 25 ઓક્ટોબર, 2021ના રોજ 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ' શરૂ કર્યુ છે. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પાણી, પરિવહન, ઊર્જા, શિક્ષણ, આરોગ્ય, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કોમ્યુનિકેશનમાં રોકાણની તકો ઊભી કરશે. તે નવીન ધિરાણ ઉકેલો પ્રદાન કરશે, જે બદલામાં રોકાણની તકોનું આકર્ષણ વધારવામાં યોગદાન આપશે. તે GDPની વૃદ્ધિમાં પણ યોગદાન આપશે અને રોજગારીની તકો ઉભી કરવામાં મદદ કરશે.

## ICE ? Questions

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ________ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શરૂ કરાયેલા અવેરનેસ કેમ્પેઈન 'સાયબર સેફ મિશન'નો પ્રારંભ કરાવ્યો હતો. – અમદાવાદ
- તાજેતરમાં ________ દ્વારા લિખિત 'સાયબર સેલ ગર્લ' પુસ્તકનું શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિમોચન કર્યુ હતું. – શ્રી અનંત પ્રભુજી
- તાજેતરમાં કયા રાજ્યએ ODF અને દરેક ઘરને વીજળી આપવાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યુ છે ? – ગોવા
- તાજેતરમાં કોના દ્વારા 'Saudi Green Intitative Forum'ની શરૂઆત કરવામાં આવી હતી ? – ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન
- તાજેતરમાં RBIએ IPOના સબસ્ક્રિપ્શન માટે ધિરાણ લેનારા દીઠ કેટલા રૂપિયાની મર્યાદા નક્કી કરી છે ? – 1 કરોડ
- તાજેતરમાં ______ દેશે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ શરૂ કર્યુ છે. – સાઉદી અરેબિયા
- તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ક્વીન હીઓ હવાંગ–ઓકે' કયા સ્થળે સ્થિત છે ? – અયોધ્યા
- તાજેતરમાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન ______ થી ______ સુધી 'વિજિલન્સ અવેરનેસ વીક 2021'ની ઉજવણી કરશે. – 26 ઓક્ટોબર થી 1 નવેમ્બર
- તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ NFIની છઠ્ઠી આવૃતિ લોન્ચ કરી હતી. NFIનું પૂરું નામ જણાવો ? – National Formulary of India



# Question Of this Week

1. ઈન્ડો–તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP)નો 60મો રાઈઝિંગ ડે ક્યારે ઉજવવામાં આવ્યો હતો ?

– 24 ઓક્ટોબર, 2021

2. RBIએ તાજેતરમાં કઈ પેમેન્ટ બેંક પર 1 કરોડ રૂપિયાનો નાણાકીય દંડ લગાવ્યો છે ?

– Paytm Payments Bank

3. તાજેતરમાં કયા દેશમાં 'સેલ્મોનેલા' (Salmonella) બેક્ટેરિયલ ચેપના સેંકડો કેસ નોંધાયા છે ? – અમેરિકા

4. તાજેતરમાં પોલેન્ડ, જર્મની, ફ્રાન્સ અને નેધરલેન્ડને પ્રભાવિત કરનાર વાવાઝોડાનું નામ શું છે ? – ઓરોર

5. તાજેતરમાં કયા દેશે 'ક્લાઈમેટ પર નેશનલ ઈન્ટેલિજન્સ એસ્ટીમેટ' (NIE) જાહેર કર્યુ છે ? – અમેરિકા

6. કઈ સંસ્થાએ 'ગ્લોબલ થ્રેટ એસેસમેન્ટ રિપોર્ટ 2021' બહાર પાડ્યો છે ? – WeProtect Global Alliance

7. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ________ નામના ભમરાની નવી પ્રજાતિ શોધી કાઢી છે.

– ટ્રિગોનોપ્ટેરસ કોરોના

(આ નામ કોરોના વાયરસ મહામારીના નામ પરથી રાખવામાં આવ્યું છે.)

8. ભારતમાં આયોજિત રાષ્ટ્રીય આંતર–ધાર્મિક સંમેલન કયા શહેરમાં યોજાયું હતું ? – નાગપુર

(લોકમત મીડિયા ગ્રુપ દ્વારા નાગપુરમાં પ્રથમવાર રાષ્ટ્રીય આંતર–ધાર્મિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનની થીમ 'Global Challenges to Communal Harmony and Role of India' હતી. આ કાર્યક્રમ માટે વિવિધ ધર્મોના ઘણા આધ્યાત્મિક નેતાઓને વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા.)

9. શ્રીનગરથી શારજાહની સીધી ફ્લાઈટ શરૂ કરનાર પ્રથમ એરલાઈન કઈ છે ? – ગો ફર્સ્ટ

(ભારતની ઓછી કિંમત વાળી એરલાઈન GoFrist શ્રીનગરથી શારજાહની સીધી ફ્લઈટ શરૂ કરનાર પ્રથમ એરલાઈન બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતશાહે શ્રીનગરના શેખ આલમ ઈન્ટરનેશનલ એરપોર્ટથી શારજાહ માટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય ફ્લઈટને લીલી ઝંડી બતાવી હતી.)

10. કયા વૈશ્વિક બ્લોકે ક્રોસ બોર્ડર ડેટા વપરાશ અને ડિજિટલ વેપાર માટે જોડાણ કર્યુ છે ? – G7

11. તાજેતરમાં કેન્દ્રીય નાણામંત્રીએ એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)ના બોર્ડ ઓફ ગવર્નર્સની કેટલામી બેઠકમાં ભાગ લીધો હતો ? – છઠ્ઠી

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં કયા દેશે 2050 સુધીમાં નેટ ઝીરો માટે સૈદ્ધાંતિક સમર્થન આપ્યું છે ? – ઓસ્ટ્રેલિયા

(ઓસ્ટ્રેલિયાએ તાજતેરમાં વર્ષ 2050 સુધીમાં શૂન્ય નેટ કાર્બન ઉત્સર્જનનું સૈદ્ધાંતિક લક્ષ્ય નક્કી કર્યુ છે.)

13. ભારતના કયા પડોશી દેશે જમીન સરહદ સુરક્ષાને મજબૂત કરવા નવો કાયદો પસાર કર્યો છે ? – ચીન

14. તાજેતરમાં કયા ભારતીય અભિનેતાને 51મા દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

–રજનીકાંત

15. તાજેતરમાં ચર્ચામાં રહેલ કાનો જીગોરો કોણ છે ? – જૂડોના સ્થાપક

(તાજેતરમાં ગૂગલે કાનો જીગોરોના સન્માનમાં ડૂડલ બનાવ્યું છે. કાનો જીગોરો એક જાપાની શૈક્ષણિક અને રમતવીર છે, જે જૂડોના સ્થાપક તરીકે ઓળખાય છે. જૂડો એ જાપાનીઝ માર્શલ આર્ટ છે.)

16. ગોવામાં..........દ્વારા 'સ્વસ્થ મહિલા, સ્વસ્થ ગોવા' પહેલ શરૂ કરવામાં આવી છે. – YouWeCan

17. કયા મંત્રાલયે ડિઝાઈન અને કમિશનિંગ માટે તક્નીકી કર્મચારીઓના કૌશલ્ય પરના પાઈલટ પ્રોજેક્ટને મંજૂરી આપી છે ? કાપડ મંત્રાલય

18. કયા મંત્રાલયે 'Green Day Ahead Market' (GDAM) શરૂ કર્યુ છે ?

– નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય

19. જાહેર ક્ષેત્રના ઓડિટ ક્ષેત્રે માહિતીની આપ–લે માટે ભારતે કયા દેશ સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ?

– માલદીવ

20. તાજેતરમાં સમાચારમાં રહેલા શૌકત મિર્ઝીયોયેવ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – ઉઝબેકિસ્તાન

21. સંયુક્ત રાષ્ટ્ર નિઃશસ્ત્રીકરણ સપ્તાહ દર વર્ષે કયા મહિનામાં મનાવવામાં આવે છે ? – ઓક્ટોબર

22. 14મી અર્બન મોબિલિટી કોન્ફરન્સ 2021નું ઉદઘાટન હાઉસિંગ અને અર્બન અફેર્સ મિનિસ્ટર શ્રી હરદીપસિંહ પૂરીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કર્યુ હતું. જેની થીમ શું હતી ? – મોબિલીટી ફોર ઓલ

23. તાજેતરમાં કયા દેશે 'વેલ્થ ટેક્સ' નામનો પ્રસ્તાવ મૂકયો છે ? – અમેરિકા

24. 'Digital 2021 : October Global Snapshot' અનુસાર વિશ્વની કેટલા ટકા વસતી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે ? – 65

25. 28 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલ દ્વારા ઓનલાઈન માધ્યમ દ્વારા 'રાષ્ટ્રીય સુરક્ષા સંવાદ (PDNS) 2021'ની કેટલામી આવૃત્તિનું ઉદઘાટન કર્યુ હતું ? – છટ્ઠી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT